# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી., કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત નાથાલાલ ઝઘડીયા બ્રિજની ઉપરના ભાગે પીલ્લરો ઉપર સેગમેન્ટ (ટ્રેક) લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૧૮/૨/૨૦૨૫ થી તા.૨૮/૨/૨૦૨૫ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| અ.નં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧. | નાથાલાલ ઝઘડીયા બ્રીજ (ખોખરા-મણિનગર) ફ્લાય ઓવર બ્રીજ દિન-૧૦ સુધી બન્ને તરફથી બંધ રહેશે. | **૧.** ખોખરા,હાટકેશ્વર,અનુપમ સિનેમા તરફથી આવતો ટ્રાફિક મદ્રાશી મંદીર AMTS બસ સ્ટોપથી ડાબી બાજુ વળી રેલ્વે કોલોની ચાર રસ્તા થઇ મણીનગર ક્રોસીંગ થઇ એસ.જી.હોસ્પીટલ તથા કાંકરીયા તરફના અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઇ શકાશે.<br>**૨.** એલ.જી.હોસ્પીટલ,કાંકરીયા તરફથી આવતો ટ્રાફિક નાથાલાલ ઝઘડીયા બ્રીજના પશ્ચિમ તરફના છેડેથી જમણી બાજુ વળી જયહીન્દ ચાર રસ્તાથી ડાબી બાજુ મણીનગર રેલ્વે ક્રોસીંગ થઇ જશોદાનગર,ખોખરા,અનુપમ સિનેમા તરફના અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઇ શકાશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૭/૨/૨૦૨૫**

**( નીરજ કુમાર બડગૂજર )**
i/c. સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર